# ડીસામાં માથાભારે ઈસમે તકરાર થતા વકીલની ઓફીસને આગ ચાંપી

ડીસા, તા. ૧૧

ડીસામાં માથાભારે ઈસમોની વધતી જતી ગુંડાગર્દી સામે તાજેતરમાં



જ વહેપારી આલમે ફરિયાદ અને આવેદનપત્ર આપ્યાની શાહી પણ સુકાઈ નથી ત્યારે વધુ એક ઈસમે એક એડવોકેટ સાથે ધોળા દિવસે તકરાર કરી ધમકી આપી. તેમની ઓફિસને આગ હવાલે કરતા ચકચાર મચેલ છે અને આ મામલે પીડિત વકીલે ઉત્તર પોલીસમાં ફરિયાદ આપતા પોલીસે તપાસ શરૂ કરેલ છે.

આ અંગે ફરિયાદી એવા એડવોકેટ રાજેન્દ્રભાઈ ચૌહાણે માહિતી આપતા જણાવેલ કે 'આ ઈસમ પર અગાઉ લુંટ અને ખંડણી સહિતના અનેકો ગુના દાખલ થયા હતા જેમાં હું તેના બચાવ પક્ષમાં વકીલ હતો જેથી પરિચય થતાં મેં તેને મારી ઓફિસનો અડધો હિસ્સો ભાડેથી આપ્યો હતો જોકે મારી ફી તેમજ મારી ઓફીસનું ભાડું સમયસર ન ચુકવતા મેં આરોપી એવા પ્રતિક રાઠોડ રહે. જ્યોર્જ ટોકીઝ પાસે ડીસા વાળાને મારી ઓફીસનું ભાડુ ચુકવવા અને વિકલ્પે ઓફીસ ખાલી કરવા કહ્યું હતું. જેની અદાવત રાખી આ ઈસમે મને ગઈકાલે સાંજે સોમવારે ફોન પર જાસા ધમકી આપી હતી અને જાનથી મારી નાંખવાની ધમકી આપી, મારી ઓફીસ સળગાવી નાખશે તેવું જણાવ્યું હતું, જે બાદ આ ઈસમે કોઈ જવનશીલ પ્રવાહી રેડી મારી ઓફિસને આગ લગાવી હતી જેની જાણ થતાં મે ડીસા ઉત્તર પોલીસમાં આ મામલે આરોપી પ્રતિક રાઠોડ વિરૂદ્ધ ૫૦૪, ૫૦૭ અને ૪૨૭ મુજબ ફરિયાદ આપેલ છે તેવું જણાવ્યું હતું.

**(કાંતિલાલ લોધા, ડીસા)**

## માનવી સ્વતંત્ર નથી, પરમાત્મા સ્વતંત્ર છે

હિંમતનગર, તા. ૧૧

ભારત અને વિશ્વના અનેક સ્થળે લોકો વિવિધ સંપ્રદાયમાં ભલે માનતા હોય પરંતુ તેઓ સ્વતંત્ર નથી, જ્યારે પરમાત્મા એ સ્વતંત્ર છે, તેના માટે કોઈપણ તાકાત તેને પરાસ્ત કરી શકતી નથી. જેથી પરમાત્માએ તમને જન્મ આપ્યો છે ત્યારે દુનિયામાં અવતર્યા બાદ ભગવાન સિવાય કોઈનાથી ડરવાની જરૂર નથી.

હિંમતનગરમાં ચાર્તુમાસ નિમિત્તે પધારેલા સંજય મુનિજીએ સત્સંગ દરમિયાન જણાવ્યું હતું કે દરેક સાધુ, સંત તેના ભક્તોને લોક કલ્યાણ માટે અલગ અલગ રીતે સમજાવે છે. જેથી તેમનો તરીકે ભલે અલગ હોય પણ આખરે તો પ્રભુ ભક્તિનો માર્ગ એક જ છે. જેથી સાધુ, સંતે આપેલા નિયમો જો તમે પાળશો તો પરમાત્મા તમારુ કામ સફળ કરશે, તેવી શ્રદ્ધા રાખવી જોઈએ. પરિસ્થિતિથી ગભરાવવાની જરૂર નથી, જો કે અંતિમ ઘડી આવે ત્યારે અને જીવવામાં તકલીફ પડે ત્યારે લોકો ભગવાનને યાદ કરે છે, તેના બદલે જો જીવન દરમિયાન ભગવાનને યાદ કરી સદકાર્યો કરવામાં આવે તો ભગવાન આપોઆપ તમને મદદ કરશે.

# ચોઈલા ગામેથી ધાર્મિક વિધિના નામે ઠગાઈ કરતી ટોળકી ઝડપાઈ

## આ ગેંગ જમીનમાંથી સોનુ કાઢવાની લાલચ આપી છેતરપીંડી કરતી હતી : ૭ની અટકાયત

બાયડ. તા. ૧૧

કહેવત છે ને કે લોભીયા હોય ત્યા ધુતારા ભુખે ન મરે ત્યારે વર્તમાન મોઘવારીના સમય માં લોકો રાતો રાત લખપિત બનવાના ટુંકા રસ્તા પણ અપનાવતા ખચછાતા નથી. આવા લોકો ના ભોળપણ નો લાભ લેવા કેટલાય તત્વો પોતાની માયા જાળ માં લોકો ને ઠગી રહયા છે. આવી જ એક થ ટોળકી અરવલ્લી જીલ્લાના બાયડ તાલુકા માં તાંત્રીક વિધી કરી ગુપ્ત ધન અને ઘરમાંથી સોનું કાઢી આપવાની લાલચ આપનાર ૭ સભ્યોની ઠગ ટોળકી બાયડ પોલિસે ઝડપી લીધી હતી.



અરવલ્લી જીલ્લાના બાયડ તાલેકાના ચોઈલા ગામની આસ પાસ ના વિસ્તાર માં એક ખાનગી જીપમાં આવેલા કેટલાક તત્વો ગામના એક મકાન ના બારણાં બંધ કરી કોઈ તાંત્રિક વીધી કરી રહયા હોવાની બાતમી બાયડ પોલિસને મોડી રાત્રે મળતાં બાયડ પી.એસ.આઈ એ સ્ટાફ સહિત મોડી રાત્રે રેડ કરી હતી. રેડ દરમ્યાન ઘરમાં ગુપ્ત ધન અને મોટા પ્રમાણમાં સોનું હોવાની ઘર માલિકને લાલચ આપી તે કાઢવા માટે વિધી કરવી જરુરી હોવાનું કરી રાજસ્થાન ના ચાર વ્યકિત ઓ તેમજ અન્ય ત્રણ વ્યકિત ઓ વિધી કરી રહેલા ૭ શખ્સો ની ધરપકડ કરી હતી. પોલીસે કરેલી પ્રાથમિક પુછ પરછ માં આ શખ્સો ની પ્રવૃતિ ભેદી અને લોકોને છેતરનારી હોવાનું બહાર આવ્યું હતુ.

બાયડ પોલીસે ઝડપેલી ઠગ ટોળકી પાસેથી ટવેરા કાર , ધાર્મિક પુસ્તકો , અને વીધી કરવાનો સામાન ,૭ મોબાઈલ અને કેટલીક રોકડ પોલિસે ઝડપી લીધી હતી. આ ટોળકીની મોડસઓપરેન્ડી જે પ્રકારે છે. તેનાથી અનેક લોકો ઠગ્યા હોવાની શકયતા નકારી ન શકાય. ત્યારે બાયડ પોલિસે આ ટોળકી સામે છેતરપીંડી નો ગુન્હો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે. અરવલ્લી જીલ્લામાં બાયડ તાલુકામાં ઠગ ટોળકી તાંત્રિક વીધી કરી ગુપ્ત ધન અને સોનું શોધી આપેછે. તેવી વાતો ચર્ચાની એરણે ચઢી હતી. ત્યારે પોલિસે આ ઠગ ટોળકી બાયડ તાલુકામાં કસબ અજમાવી જાય તે પહેલા જ ઝડપી લેતાં સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે.

**(તસવીર : સમીર બલોચ, મોડાસા)**

## કે. એન. શાહ શાળામાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

મોડાસા શહેરની કે.એન. શાહ શાળામાં શાળાની ઈકો ક્લબ અને સ્કાઉટ ગાઈડના ઉપક્રમે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં શાળાના મેદાનમાં ફરતે નવા નવા રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું હતું. શાળાના આચાર્ય મનીષ જોષી, પી.બી. પટેલ, મીનાબેન બ્રહ્મભટ્ટ, કનુભાઈ ખાંટ, પી.એસ. સુથાર, જે.કે. પટેલ, વૈતી ભાવસાર, વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. પ્રમુખ બીપીનભાઈ શાહે શાળા પરિવારને અભિનંદન પાઠવ્યા હતા.

# મોડાસાના ગાંધીવાડામાં પાણીના હોજમાં પડી જતા માસુમ બાળકનું મોત

મોડાસા, તા. ૧૧

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરના ગાંધીવાડા વિસ્તારમાં રહેતા અને કલરકામ કરી જીવનનિર્વાહ ચલાવતા પરપ્રાંતિય પરિવારનો એકનો એક વ્હાલસોયો દિકરો અંકિત પ્રજાપતિ (ઉ.વ.૫) ઘરની અંદર રહેલા પાણીના સંગ્રહ માટેના હોજમાં અકસ્માતે ડુબી જઈ મોત નિપજતાં પરિવાર પર આભ તુટી પડ્યું હતું. આ ઘટનાની જાણ ગાંધીવાડા વિસ્તાર અને પરપ્રાંતિય પરિવારોમાં થતાં શોકની લાગણી ફેલાઈ હતી. અંકિતની માતા બેભાન થઈ ફસડાઈ ગઈ હતી.

મોડાસા શહેરના ગાંધીવાડા વિસ્તારમાં સોમવારે સાંજના સુમારે ગોઝારી ઘટના બની હતી. જેમાં ૧૫ દિવસની બહેને ભાઈ ગુમાવતા આ ઘટનાની જાણ મોડાસા પંથકમાં થતાં શોક ફેલાયો હતો. ગાંધીવાડા વિસ્તારમાં રહેતા રાજસ્થાનના પ્રજાપતિ પરિવારનો માસુમ બાળક હોજમાં રહેલા પાણીમાં ડુબી ગયો હતો. ગોલવાડામાં રહેતા અને કલરકામ કરી જીવનનિર્વાહ ચલાવતા મુકેશભાઈ પ્રજાપતિનો ૫ વર્ષીય પુત્ર અંકિત ટ્યુશનથી ઘરે આવી સાંજના સુમારે રમી રહ્યો હતો ત્યારે પાણીના સપ્લાયનો સમય હોવાથી ઘરના ઉપરના



માળે ડિલવરીને પંદર દિવસ થયા હોવાની પોતાની બાળકી સાથે આરામ ફરમાવી રહી હતી અને અંકિતને નળ ચાલુ કરવાનું કહેતા બાળક હોજનો નળ ચાલુ કરવા જતા અકસ્માતે પગ લપસી પડતા ટાંકીમાં ગરકાવ થઈ ગયો હતો. અને અડધા હોજમાં ડુબી ગયો હતો. પોતાનો પુત્ર અંધારૂ થવા છતાં ઘરમાં મહેશ ન મળતા બેચેન બનેલી માતાએ ગાંધીવાડા વિસ્તારમાં શોધખોળ આદરી હતી પણ ક્યાય જોવા ન મળતાં બેચેન બનેલી માતાએ ગાંધીવાડા વિસ્તારમાં શોધખોળ આદરી હતી પણ ક્યાંય જોવાયો ન હતો. ત્યારે પરિવારની એક મહિલાએ ઘરમાં રહેલા હોજની અંદર તપાસ કરતાં બાળક અંકિત હોજની અંદરથી મૃતપાય હાલતમાં મળી આવ્યો હતો. પોતાના વ્હાલસોયા બાળકને મૃત જોતાજ તેની માતા બેભાન થઈ ફસડાઈ પડી હતી. આ અંગેની જાણ ગાંધીવાડા વિસ્તારમાં થતાં લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. કલરકામથી ઘરે ફરેલા પિતાએ પુત્રની લાશ નિહાળતા બેબાકળા બની આક્રંદ કરી મુક્યુ હતુ. આ ઘટનાથી પરિવારના સભ્યો સૂનમુન બની ગયા હતા. આ ઘટનાની જાણ મોડાસા શહેરમાં અને મોડાસા શહેરમાં ધંધાર્થે અને મજુરી કરી જીવનનિર્વાહ ચલાવતા પરપ્રાંતિય પરિવારોને થતાં શોકની લાગણી ફેલાઈ હતી.

**(તસવીર : જય અમીન, મોડાસા)**

## વડાલી માર્કેટ યાર્ડની ચૂંટણીમાં ૯૮ ટકા મતદાન

હિંમતનગર, તા. ૧૧

વડાલી માર્કેટયાર્ડના ૧૪ ડિરેક્ટરો પૈકી ૧૨ ડિરેક્ટરો માટે મંગળવારે યોજાયેલી ચૂંટણીમાં બે વિભાગનું મળી સરેરાશ ૯૮ ટકા મતદાન થયું હતું. જેની મતગણતરી બુધવારે વડાલી માર્કેટયાર્ડમાં હાથ ધરાશે. વડાલી માર્કેટયાર્ડના ખેડૂત, વેપારી અને સહકાર વિભાગના મળી ૧૪ ડિરેક્ટરો માટે ચૂંટણી યોજવા તાજેતરમાં જાહેરનામું પ્રસિદ્ધ કરાયું હતું. જોકે સહકાર વિભાગમાં માર્કેટયાર્ડના પૂર્વ ચેરમેન સહિત અન્ય એક ઉમેદવાર બિનહરીફ બન્યા હતા.

## મોડાસામાં લાઈટ ગ્રુપ દ્વારા પેરેન્ટસ સેમિનાર યોજાયો



(તસવીર : જીતેન્દ્ર પટેલ, મોડાસા)

શિક્ષણ સમાજ વ્યવસ્થાના નિર્માણનો આધાર છે. સમભાવ,સોહાર્દ અને સદ્ભાગ્યનું નિર્માણ શિક્ષણ વ્યવસ્થા થકી થાય છે. પ્રર્વતમાન વિશ્વમાં સંતાન નિર્માણ એ અગત્યનો, અત્યંત મહત્વનો વિષય બન્યો છે. બાળકોની જાતીય સતામણી, કુપોષણ નો ભોગ બનતા બાળકો માટે, શ્રધ્ધાનું, પ્રેરણાનું નવું કિરણ બનીને અરવલ્લી જીલ્લામાં લાઈટ ધ્વારા પેરેન્ટસ સેમિનારના ઉદ્ઘાટનનું ભવ્ય આયોજન તારીખ ૦૮-૦૮-૧૫ના રોજ યોજાયું. સમારંભ માં અરવલ્લી જિલ્લાના ભૂતપુર્વ કલેકટર શ્રી.બી.જે.ભટ્ટ, ડેપ્યુટી કલેકટર શામળજીભાઈ પટેલ, સહયોગ કૃષ્ઠશ્રમનું સંચાલન કરતા ડાં.સુરેશભાઈ સોની, મ.લા.ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળના પ્રમુખ શ્રી નવિનચંદ્ર આર. મોદી, મંડળના હોદેદારશ્રીઓ અરુણભાઈ શાહ, સુભાષભાઈ શાહ, અને જે.બી.શાહ ઈંગ્લીશ મિડિયમ સ્કુલના આચાર્ય, સ્ટાફ, શહેરના સારસ્વત મિત્રો તેમજ મોટી સંખ્યામાં વાલીઓને વિવિધ વિષયો પર માર્ગદર્શન આપવામાં આવ્યું જેવા કે સારા અને ખરાબ સ્પર્શનો ફરક, પોષણ ક્ષમ ખોરાક. વિધ્વાન વકતા શ્રી હિમાંશુભાઈ દેસાઈ અને ડાં. વરછરાજાની ધ્વારા વૈજ્ઞાનિક ધોરણે વાલીઓને બાળ નિર્માણના મહત્વના અંગોથી માહિતગાર કર્યા. સેમિનારનો મુખ્ય હેતુ બાળકોનો સર્વંગી વિકાસ, તેમનો વિવિધ સમસ્યાથી બચાવ અને આત્મ શ્રધ્ધા દિપાવવાનો રહયો.

# મોડાસા ઈજનેરી કોલેજ પાસે ઠલવાતી ગંદકી સામે વકીલો ખફા

## બાર એસોસીએશનના પ્રમુખે પાલિકાને જાહેર હિતની નોટીસ પાઠવી સત્વરે ગંદકી હટાવવા તાકીદ કરી

મોડાસા, તા. ૯

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરના શામળાજી રોડ પર સરકારી એન્જીનીયરીંગ કોલેજની સામે કલેક્ટર કચેરી અને કોર્ટ સંકુલના નવિન બાંધકામો તથા અન્ય સરકારી કચેરીઓ નિર્માણ પૂર્ણ થવાના આરે છે. મોડાસા નગરપાલિકા દ્વારા આ સંકુલોની સામે મદાપુર કંપાના વળાંકમાં શહેરનો ગંદો કચરો અને મૃત પશુઓ નાખવામાં આવતા મોડાસા બાર એસોસીએશનના પ્રમુખે જાહેર હીતની નોટીસ પાઠવી સત્વરે ગંદકી દૂર કરવા તાકીદ કરવા જણાવાયુ છે.

મોડાસા નગરપાલિકા દ્વારા મોડાસાના શામળાજી રોડ પર આવેલી સરકારી ઈજનેરી કોલેજની બાજુમાં મદાપુરકંપા જવાના વળાંકમાં કચરામાંથી વર્મી કમ્પોસ્ટ બનાવવાનો પ્લાન્ટ નાખવામાં આવ્યો છે. અહીં મોડાસા નગરપાલિકા દ્વારા સમગ્ર શહેરનો ગંદો કચરો અને મરેલા પશુઓ નાખવામાં આવતા સમગ્ર વિસ્તારમાં દુર્ગંધ મારે છે. ત્યારે શામળાજી રોડ પર અવલ્લી જિલ્લાની ડીસ્ટ્રીક્ટ અને સેસન્સ કોર્ટ તથા અન્ય અદાલતોનું ન્યાય સંકુલ નવિન બનાવવા માટે સરકારી તંત્ર દ્વારા જમીન ફાળવી નવા સંકુલનું બાંધકામ શરૂ કરવામાં આવનાર હોવાથી અને આ વર્મીકમ્પોસ્ટ પ્લાન્ટની સામે કલેક્ટર કચેરી, જિલ્લા સેવા સદન સહિત મોટાભાગની અન્ય કચેરીઓનું બાંધકામ ચાલી રહ્યુંછે. અને જિલ્લાની પ્રજાને વારંવાર અહીં મુલાકાતે આવવું પડતુ હોય આ ગંદકીથી રોગચાળો ફાટી નીકવાની શક્યતાઓ હોવાથી મોડાસા બાર એસોસીએશનના પ્રમુખ એન.વી. પટેલે મોડાસા નગરપાલિકાને જાહેર હિતની નોટીસ બજાવી મોડાસા શામળાજી રોડ પર મદાપુરકંપાના વળાંકમાં નાખવામાં આવતો શહેરનો ગંદો કચરો અને મૃત પશુઓને નાખવાનું તાકીદે બંધ કરવા જણાવ્યું છે.



(તસવીર : જય અમીન, મોડાસા)

## સાબરમતી નદીમાં ડૂબેલા ડભોડાના યુવાનનો ૩૮ કલાક બાદ મૃતદેહ મળ્યો

હિંમતનગર, તા. ૧૧

વડાલી તાલુકાના મહોર ગામ પાસેથી પસાર થતી સાબરમતી નદીમાં રવિવારે ન્હાવા પડેલા ખેરાલુ તાલુકાના ડભોડા ગામના એક યુવાનનો ૩૮ કલાક બાદ મંગળવારે સવારે મૃતદેહ મળી આયો હતો. જે અંગે વડાલી પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ડભોડા ગામના ઠાકોર સમાજના ચાર યુવાનો રવિવારે બાઈક લઈને ધરોઈ આવ્યા હતા. ત્યારબાદ તેઓ મહોર ગામ પાસેથી પસાર થતી નદીના પટમાં ગયા હતા. જ્યાં અચાનક પગ લપસી પડતા વિજયજી દશરથજી ઠાકોર પાણીમાં ડુબી ગયો હતો. ત્યારબાદ હિંમતનગર અને વડાલી ફાયર બ્રિગેડે શોધખોળ કરી હતી. પરંતુ કોઈ પત્તો મળ્યો ન હતો. દરમિયાન મંગળવારે સવારે મૃતક વિજયજીની લાશ પાણીમાં તરીને નદી કિનારે આવી હતી. જે અંગે પોલીસે તેના પરિવારજનોને બોલાવી ઓળખ કર્યા બાદ સોંપી હતી.

# અંબાજી નજીક કાર અને જીપ વચ્ચે અકસ્માત : આઠને ઈજા

પાલનપુર, તા. ૧૧

યાત્રાધામ અંબાજીમાં ગબ્બર જવાના રસ્તે આજે બપોરના સુમારે એક કાર અને જીપ વચ્ચે અકસ્માત સર્જવાની ઘટના બની છે જોકે આ ઘટનામાં ગબ્બર તરફથી આવી રહેલી જીપ વન ચેતના નર્સરી પાસેના વળાંકમાં કાર ધડાકા સાથે અથડાતા આ અકસ્માત સર્જાયો છે. અકસ્માતમાં કુલ આઠ મુસાફરોને ઈજા થતા ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે પ્રથમ અંબાજીની કોટેજ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. ઘવાયેલા મુસાફરોમાંથી ત્રણને



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)



ગંભીર ઈજા થતા પાલનપુરની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. જો કે આ અકસ્માતમાં ઘાયલ થયેલા મુસાફરો ઈન્દુ કલા પાંડે, યોગેન્દ્રનાથ પાંડે, રાજીવ રમાકાંત પાંડે અને શકુન્તલા પાંડે ચારે યાત્રીકો નેપાળના રહેવાસી છે. જ્યારે તારાબેન શુકલ અને આરતીબેન શુકલ આ બન્ને યાત્રી યુ.પી.ના હોવાનું જાણવા મળ્યું હતું અને બે આદિવાસી કેંગોરાને પાડલીયાના હોવાનું જાણવા મળેલ છે.

# શંકરપુરા પાટીયા પાસે પોલીસવાન પલટી ખાઈ જતા ૨૭ જી.આર.ડી. જવાનોને ઈજા

હિંમતનગર, તા. ૧૧

૧૫મી ઓગષ્ટની જિલ્લાકક્ષાની ઉજવણી આ વખતે વડાલી ખાતે થનાર હોવાથી મંગળવારે તંત્ર દ્વારા તૈયારીઓ હાથ ધરાઈ છે. ત્યારે પરેડની તૈયારી માટે પોલીસ જવાનો, હોમગાર્ડઝ અને ગ્રામરક્ષક દળના જવાનોએ વડાલીમાં ધામા નાખ્યા છે ત્યારે મંગળવારે પરેડના રિહર્સલ માટે વડાલી આવી રહેલ ૨૭થી વધુ જવાનો સાથેની પોલીસવાન શંકરપુરા પાટીયા પાસે અચાનક પલટી ખાઈ જતાં ૨૭ જવાનોને ઈજા થઈ હતી. જે પૈકી ગંભીર ઈજા થતાં ૧૧ જવાનોને હિંમતનગર સિવિલમાં સારવાર માટે ખસેડાયા હતા.

વડાલીની શેઠ સી.જે. હાઈસ્કૂલમાં આગામી શનિવારે ૧૫મી ઓગષ્ટની જિલ્લાકક્ષાની ઉજવણી થવાની હોવાથી તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ શરૂ કરાઈ છે. દરમિયાન પરેડના રિહર્સલમાં હિંમતનગર હેડક્વાટર્સમાંથી પોલીસવાન નં. જીજે૯-જીજે.૦૯.જી.૬૨૯માં ૨૭થી વધુ ગ્રામરક્ષક દળના જવાનોને લઈને વાનના ચાલક કમલેશભાઈ વિવિધ સ્થળેથી જવાનોને લઈને વડાલી આવી રહ્યા હતા. દરમિયાન શંકરપુરા પાટીયા પાસેથી પસાર થતા હતા ત્યારે વાનમાં યાંત્રિક ખામી સર્જાતા અચાનક પલટી ખાઈ ગઈ હતી. જેથી વાનમાં બેઠેલા ૨૭ જવાનોને ઈજા થઈ હતી.

## અરવલ્લીમાં ઝરમર ઝરમર વરસાદ સાથે મેઘરાજાનો ત્રીજો રાઉન્ડ શરૂ

સમગ્ર ઉત્તર ગુજરાત અને અરવલ્લી જિલ્લામાં ગાજવીજ સાથે સતત સપ્તાહ સુધી ગત માસે ભારે વરસાદ પડ્યો હતો. અરવલ્લી જિલ્લાના અનેક વિસ્તારોમાં વરસાદનો ત્રીજો રાઉન્ડ શરૂ થવાના એંધાણ આપતાં અનેક સ્થળે વરસાદી ઝાપટા ખાબક્યા હતા. મંગળવારે સવારથી જ જિલ્લામાં મેઘરાજાએ અમીછાંટણા કર્યા હતા. આખો દિવસ ઝરમર વરસાદ વરસતા ખેડૂતોમાં આનંદ છવાયો છે.






## મહેસાણામાં મહિલા કર્મયોગી દિવસની ઉજવણી કરાઈ

મહેસાણા જિલ્લા પંચાયત અને સ્પીપાના સંયુક્ત ઉપક્રમે મહિલા કર્મયોગી દિવસની ઉજવણી જિલ્લા પંચાયત કોમ્યુનીટી હોલ ખાતે કરવામાં આવી હતી. મહિલા કર્મયોગીઓને મહિલા સશક્તિકરણ અંતર્ગત વિવિધ વક્તાઓ અને પ્રેઝન્ટેશન દ્વારા સમજુતિ આપવામાં આવી હતી. મહિલા કર્મયોગીઓને કોમ્પ્યુટરની તાલીમ આપવી, મહિલા કર્મયોગીઓના અધિકારો અંગે જાગૃતિ, કામકાજના સ્થળે મહિલાઓની જાતીય સતામણી, મહિલાઓને ૩૩ ટકા પોલીસમાં અનામત, સ્થાનિક સ્વરાજમાં મહિલાઓને ૫૦ ટકા અનામત સહિત રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા મહિલા સશક્તિકરણ માટે થઈ રહેલ પ્રયત્નોની વિગતે ચર્ચા કરવામાં આવી હતી. જિલ્લા પંચાયત પ્રમુખે હતું કે કર્મયોગી મહિલાઓ છેવાડાના માનવીનો વિકાસ થાય તે દિશામાં પ્રયત્ન કરે. કચેરીમાં મહિલા કર્મયોગીઓને કચેરી કામકાજના નિયમો અંતર્ગત છ બંડલ પ્રધ્ધતિ, એ.બી.સી.ડી. ફાઈલોના વર્ગો, એસ.એ. રજિસ્ટર, તુમાર નિકાલ સહિત બાબતોનું પાલન કરી સાચા કર્મયોગી બને.